# Phone call between Prime Minister Shri Narendra Modi and H.E. Dr. John Pombe Joseph Magufuli, President of the United Republic of Tanzania

June 12, 2020

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને સંયુક્ત ગણરાજ્ય તાન્ઝાનિયાનાં રાષ્ટ્રપતિ મહામહિમ ડૉ. જ્હોન પોમ્બે જોસેફ માગુફુલી વચ્ચે ફોન પર વાતચીત

જૂન 12, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સંયુક્ત ગણરાજ્ય તાન્ઝાનિયાનાં રાષ્ટ્રપતિ મહામહિમ ડૉ. જ્હોન પોમ્બે જોસેફ માગુફુલી સાથે ફોન પર વાતચીત કરી હતી.

વડાપ્રધાને જુલાઈ 2016 માં લીધેલી પોતાની દાર-એસ-સલામની મુલાકાત સસ્નેહ યાદ કરી હતી અને એ એગત્યતા પર ભાર મૂક્યો હતો કે ભારત તાન્ઝાનિયા સાથે તેનાં પરંપરાગત મૈત્રીપૂર્ણ જોડાણો સાથે જોડાયેલો છે. તેણે તાન્ઝાનિયાની સરકાર અને લોકોની આંકાંક્ષાઓ અને જરૂરીયાતો અનુસાર તેની વિકાસ યાત્રામાં તાન્ઝાનિયા સાથે સહભાગી બનવાની ભારતની પ્રતિબદ્ધતાનું પુનઃઉચ્ચારણ કર્યું હતું.

વડાપ્રધાને કોવિડ-19 નાં પરિપેક્ષ્યમાં તાન્ઝાનિયાથી ભારતીય નાગરીકોને વતન લાવવા માટે તાન્ઝાનિયાની સત્તાધિકારીતાઓ દ્વારા પ્રદાન કરવામાં આવેલી સહાયતા બદલ રાષ્ટ્રપતિ ડૉ. માગુફુલીનો આભાર માન્યો હતો.

નેતાઓએ એકંદર દ્વિપક્ષીય સંબંધની સમીક્ષા કરી હતી. તેઓએ ભારત અને તાન્ઝાનિયા વચ્ચે વૃદ્ધિ પામી રહેલી વિકાસ ભાગીદારી, શૈક્ષણિક જોડાણો, અને વ્યાપાર તથા રોકાણનાં પ્રવાહ પર સંતોષ વ્યક્ત કર્યો હતો, અને આ વલણોમાં વધુ વેગ લાવવાની સંભાવનાઓની ચર્ચા કરી હતી.

વડાપ્રધાને આ વર્ષનાં અંતમા તાન્ઝાનિયામાં આવનારી રાષ્ટ્રપતિની અને સંસદીય ચૂટણીઓ માટે મહામહિમ રાષ્ટ્રપતિ માગુફુલી અને તાન્ઝાનિયાનાં લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

**નવી દિલ્હી**
**જૂન 12, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.